# ગુજરાતની મુખ્યનદીઓ

| ક્રમ | નદીનું નામ | લંબાઇ | ઉદ્દગમ સ્થાન |
|---|---|---|---|
| ૧ | આજી | ૧૦૨ કિ.મી. | • લોધિકા ગામ પાસેથી સરધારા ટેકરીઓથી નીકળી કચ્છના અખાતને મળે છે.<br>• રાજકોટ અને જામનગર જિલ્લાની મહત્વની નદી છે.<br>• આજી ડેમ રાજકોટ પાસે આવેલો છે. રાજકોટ શહેરને પીવાનું પાણી પુરૂ પાડે છે. |
| ૨ | અંબિકા | ૧૩૬ કિ.મી. (ગુજરાતમાં ૫૪ કિ.મી) | • સાપુતારાની વાસંદાની ટેકરીઓમાંથી નીકળી અરબ સાગરને મળે છે.<br>• ડાંગ અને નવસારી જિલ્લાની મહત્વની નદી છે.<br>• આ નદી પર ગીરા નામનો ધોધ આવેલો છે. |
| ૩ | ઔરંગા (દક્ષિણ ગુજરાત) | ૯૭ કિ.મી. | • ધરમપુર નજીક ભેરવી ગામ પાસેથી નીકળી અરબ સાગરને મળે છે.વલસાડ નજીક ખંભાતના અખાતને મળે છે.<br>• વલસાડ જિલ્લાની મહત્વની નદી છે. વલસાડ શહેર  ઔરંગા નદીને કિનારે વસેલું શહેર છે. |
| ૪ | બનાસ (ઉત્તર ગુજરાત) | ૨૬૬ કિ.મી. | • અરવલ્લીની ટેકરીઓમાંથી નીકળી અરબ સાગરને મળે છે.<br>• બનાસ નદીનું પ્રાચીન નામ પર્ણાશા છે.<br>• બનાસ નદીના નામ પરથી બનાસકાંઠા જિલ્લાનું નામ પડ્યું છે. |
| ૫ | ભાદર | ૧૯૪ કિ.મી. | • જસદણ  નજીક આણંદપરથી નીકળી નવી બંદર પાસે અરબ સાગરને મળે છે. |
| ૬ | નર્મદા (દક્ષિણ ગુજરાત) | ૧૨૮૯કિ.મી. (ગુજરાતમાં ૧૫૮ કિ.મી) | • મૈકલપર્વતના અમરકંટક (મધ્યપ્રદેશ) ટેકરીઓમાંથી નીકળી ભરૂચ નજીક ખંભાતના અખાત ને મળે છે. પ્રાચીન નામ રેવા છે.<br>• મધ્યપ્રદેશથી હુકમેશ્વરપાસેથી ગુજરાતમાં પ્રવેશ કરે છે.નર્મદા નદી મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતના નર્મદા અને ભરૂચ જિલ્લામાંથી પસાર થાય છે.<br>• નર્મદાનો ગુજરાતમાં પ્રવેશ હાફેશ્વર (છોટાઉદેપુર જિલ્લામાંથી) થાય છે. તેની આગળ નવાગામ પાસે સરદાર સરોવર આવેલો છે.<br>• સરદાર સરોવર બંધ નજીક ' સાધુબેટ' ખાતે સરદાર પટેલનું 182 મીટર ઊંચાઈ પર' સ્ટેચ્યુ ઓફ યુનિટી' આવેલું છે.<br>• આ નદી પર સુરપાણેશ્વરનો ધોધ આવેલો છે. |
| ૭ | સાબરમતી (મધ્ય ગુજરાત) | 418 કિ.મી. (ગુજરાતમાં 321 કિ.મી) | • રાજસ્થાનની અરવલ્લીણી ટેકરીઓમાં આવેલા વેકરીયા પાસેના  ઢેબર સરોવર નીકળી વડગામ પાસે ખંભાતના અખાતને મળે છે. જે વિસ્તાર ' કોપાલીની ખાડી' તરીકે ઓળખાય છે.<br>• સૌથી વધુ જિલ્લામાંથી પસાર થતી એકમાત્ર નદી છે. અને ગુજરાતની સૌથી લાંબી નદી છે. |

gnanbhandar.com

| | | | |
|---|---|---|---|
| | | | • સાબરમતી નદી ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાંથી પ્રવેશી અનુક્રમે સાબરકાંઠા, બનાસકાંઠા,મહેસાણા,ખેડા, અમદાવાદ, ગાંધીનગર અને આણંદમાંથી પસાર થાય છે. |
| ૮ | રૂપેણ (ઉત્તર ગુજરાત) | ૭૫ કિ.મી | • તારંગાની ટૂંગા પર્વતની ટેકરીઓમાંથી નીકળે છે.  કચ્છના રણમાં સમાઈ જાય છે.<br>• રૂપેણ નદી મહેસાણા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે. |
| ૯ | શેત્રુંજય | ૨૨૭ કિ.મી. | • અમરેલી જિલ્લાની સૌથી મોટી નદી છે.<br>• ગીરના જંગલમાં આવેલી ચાંચાઇ ટેકરીમાંથી નીકળી ધારી ગામ અરબી સ્મૂદ્રને મળી જાય છે.<br>• ખોડિયાર જલાશય યોજના આ નદી ઉપર બંધ બાંધવામાં આવેલ છે. |
| ૧૦ | સરસ્વતી (ઉત્તર ગુજરાત) | ૩૬૦ કિ.મી | • ગીર જંગલ કોટેશ્વર ડુંગરમાંથી નીકળી કચ્છના રણમાં સમાઈ જાય છે.<br>• સરસ્વતી નદી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે.<br>• સરસ્વતી નદીને ‘ કુંવારિકા’ નદી પણ કહેવામાં આવે છે. સૌથી પ્રાચીન નદી માનવામાં આવે છે. |
| ૧૧ | તાપી (દક્ષિણ ગુજરાત) | ૭૨૪ કિ.મી. (ગુજરાતમાં ૨૨૪ કિ.મી) | • બેતુલ (મધ્યપ્રદેશ) સરોવરથી  નીકળી તાપી હરણફાળ નામના સ્થળેથી ગુજરાતમાં પ્રવેશે છે. અને સુરત નજીક ડુમસ પાસે ખંભાતના અખાતને મળે છે.તાપી કાયમી વહેતી નદી છે.<br>• મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તાપી અને સુરત જિલ્લામાંથી પસાર થાય છે.<br>• તાપી નદી પર ઉકાઈ અને કાકરાપાર  યોજનાઓ આવેલી છે.<br>• નર્મદા અને મહી  ઉપરાંત તાપી ત્રીજી નદી મોટી નદી છે જે પૂર્વથી પશ્ચિમ દિશામાં વહે છે. તેને સૂર્યપુત્રી તરીકે પણ ઓળખાય છે. |
| ૧૨ | સુકભાદર | ૧૧૨કિ.મી. | • સુકભાદર નદી ચોટીલા નજીક મદાવા ડુંગરમાંથી નીકળી ધોલેરા નજીક ખંભાતના અખાતને મળે છે.<br>• સુકભાદરએ સાબરમતીની ઉપનદી છે . વૌઠા ખાતે સાબરમતી નદીમાં મળી જાય છે.<br>• સુકભાદર નદીના કિનારે ધંધુકા અને રાણપુર શહેર આવેલા છે. |
| ૧૩ | પૂર્ણા | ૮૦ કિ.મી. | • સહ્યાદ્રિ પર્વતમાળામાં પીપલદહાડ નજીકથી નીકળી નવસારી નજીક અરબસાગરને મળે છે.<br>• સુરત અને નવસારી જિલ્લાની મહત્વની નદી છે.<br>• પૂર્ણા નદીને ‘ પયોશીણી’ પણ કહેવામાં આવે છે. |
| ૧૪ | ભોગાવો | ૧૦૧ કિ.મી. | • સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલાના નવા ગામ પાસેના ડુંગરોમાંથી નીકળી વઢવાણ પાસેથી પસાર થઇ નળ સરોવરને મળે છે.<br>• આ નદી પર ‘ નાયકા’ અને ‘ ધોળીધજા’ નામના બંધ બાંધવામાં આવ્યા છે. |
| ૧૫ | મીંઢોળા | ૧૩૫ કિ.મી. | • |

gnanbhandar.com

| | | | |
|---|---|---|---|
| ૧૬ | વાત્રક (મધ્ય ગુજરાત) | ૧૭૮કિ.મી. | • અરવલ્લી ગિરિમાળા( ડુંગરપુરની ટેકરીઓમાંથી)ઓમાંથી નીકળી પાલા ગામ પાસે સાબરમતી નદીને મળે છે.<br>• આ નદીની સહાયક નદીઓ મેશ્વો, એરૂ, માઝમ અને શેઢી છે.<br>• નદીનું પ્રાચીન નામ વાત્રાગ્નિ  અને વેદવતી છે.<br>• આ નદીને કિનારે સુપ્રસિદ્ધ ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે ) |
| ૧૭ | બ્રાહ્મણી | ૭૫ કિ.મી. | • મોરબીના ધોળિયા ગામ પાસેથી નીકળી કચ્છના નાના રણને મળે છે. |
| ૧૮ | હિરણ | ૪૦ કિ.મી | • ગીરના જંગલમાં આવેલ સાસણટેકરીઓમાંથી નીકળે છે. તાલાલા પાસે વિલીન થઈ જાય છે. |
| ૧૯ | હાથમતી (મધ્ય ગુજરાત) | | • હાથમતી અરવલ્લી પર્વતમાળામાંથી નીકળી સાબરમતી નદીમાં સમાઈ જાય છે. સાબરમતીની ઉપનદી છે<br>• આ નદી અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાંથી પસાર થાય છે.<br>• આ નદીને ‘ કિરાત કન્યા’ તરીકે પણ ઓળખવામાં આવે છે.<br>• આ નદીને કિનારે ભિલોડા અને હિંમતનગર શહેર વસેલા છે. આ નદીની સહાયક નદી ગુહાઈ છે. |
| ૨૦ | ઢાઢર | ૧૪૨ કિ.મી | • પાવાગઢના ડુંગરોમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે.<br>• વિશ્વામિત્રી નદીની સહાયક નદી છે. |
| ૨૧ | મચ્છુ | ૧૩૦ કિ.મી | • મચ્છુ નદી જસદણ તાલુકાનાં દહીસરાવ ગાંન પાસેથી નીકળી કચ્છના નાના રણમાં સમાઈ જાય છે.<br>• મોરબી, સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લાની મહત્વની નદી છે. |
| ૨૨ | નાગમતી | ૫૦ કિ.મી | • કચ્છ જિલ્લાના ભારપરા ગામ નજીકથી નીકળે છે.<br>• ગંજોડ જલાશય યોજના હેઠળ બંધ બાંધવામાં આવેલ છે. |
| ૨૩ | ભૂખી | ૨૮ કિ.મી. | • કચ્છ જિલ્લાના અંગીયા ગામ પાસેથી નીકળે છે. |
| ૨૪ | ભોગાવો | | • |
| ૨૫ | દમણગંગા | ૧૩૧.૩૦ કિ.મી | • પશ્ચિમ ઘાટમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.<br>• વાપી શહેરને પીવાનું પાણી પુરૂ પાડે છે. |
| ૨૬ | મહી | ૫૮૦ કિ.મી | • મધ્યપ્રદેશના મિંડા ગામમાંથી નીકળી રાજસ્થાનના વાગડ વિસ્તારમાં થઈને ગુજરાતમાં પ્રવેશે છે. અને અરબી સમુદ્રમાં ભળી જાય છે.<br>• આણંદ જિલ્લાની મહત્વની નદી છે. મહી નદીના નામ પરથી મહીસાગર જિલ્લાનું નામ પડ્યું છે. આ નદી પર કડાણા, વણાકબોરી અને બાંસવારા બંધ આવેલા છે. |
| ૨૭ | કંકાવટી | ૪૦ કિ.મી | • ભીમપુર ગામ પાસેથી નીકળી કચ્છના અખાતને મળે છે. |
| ૨૮ | ઘેલો | ૧૧૮ કિ.મી | • કલજર ગામ પાસેથી જસદણની ટેકરીઓમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. |
| ૨૯ | કરજણ | | • સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાનાં જંગલોમાંથી નીકળી બરકાલગામ પાસે નર્મદાને મળે છે. |

gpnbhandar.com

| | | | |
|---|---|---|---|
| ૩૦ | પુષ્પાવતી (ઉત્તર ગુજરાત) | | • આ નદીનું ઉદ્દ્‌ગમ સ્થાન ઊંઝા તાલુકામાં છે. તે બેચરાજી તાલુકામાં રૂપેણ નદી સાથે જોડાય છે.<br>• આ નદીના કીનારેબ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ ઉજવાય છે. |
| ૩૧ | બનાસ | ૨૭૦ કિ.મી. | • રાજસ્થાનના ઉદેપુર ટેકરીઓમાના શિહોરી જીલ્લાના સિરવણના પહાડમાંથી નીકળી કચ્છના રણમાં સમાઈ જાય છે.<br>• આ નદી બનાસકાંઠા અને પાટણ જિલ્લામાંથી પસાર થાય છે.<br>• બનાસ નદીનું જૂનું નામ પર્ણાશા છે.<br>• ગુજરાતની લાંબામાં લાંબી નદી અને સૌથી મોટી કુંવારિકા નદી છે. |
| ૩૨ | વિશ્વામિત્રી | | • વિશ્વામિત્રી નદી પાવાગઢના ડુંગરોમાંથી નીકળી ઢાઢર નદીને મળી ખંભાતના અખાતને મળે છે.<br>• આ નદીને કિનારે વડોદરા અને પંચમહાલ શહેર વસેલા છે.<br>• આ નદીમાં મગરોનુઈ સંખ્યા વધુ હોવાથી ગુજરાતમાં અને દેશમાં ‘ મગરોની નદી’ તરીકે ઓળખાય છે. |
| 33 | ઢાઢર | ૧૪૨ કિ.મી | • આ નદીનું ઉદ્દ્‌ગમ સ્થાન છોટાઉદેપુરની ટેકરીઓમાંથી નીકળી જંબુસર નજીક ખંભાતના અખાતને મળે છે.<br>• ઉપનદીઓમાં વિશ્વામિત્રી, જંબુનદી, દેવ અને સૂર્યનદી છે. |
| ૩૪ | ભાદર | ૨૬૦ કિ.મી | • ભાદર નદી જસદણણી પૂર્વમાં મદાવા (રાજકોટ)ડુંગરમાંથી નીકળી અરબસાગરને મળે છે.<br>• ઓઝત, ઉબેણ, ઉતાવળી,ફોફલ, મોજ અને મુન્સર તેની સહાયક નદીઓ છે.<br>• આ નદીને કિનારે જેતપુર, જસદણ, ધોરાજી, ઉપલેટા અને કુતિયાણા શહેર વસેલા છે.<br>• સૌરાષ્ટ્રણી લાંબામાં લાંબી અને મોટી નદી છે. ગુજરાતમાં જ નીકળતી અને ગુજરાતમાં જ વહેતી સૌથી લાંબી નદી છે. |

gnanbhandar.com